**માવઠા ઉપર માવઠા થતાં ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા : ખેતીપાકને પારાવાર નુકસાન ધરતીપુત્રોની કમર તોડી નાખે છે**

# પંચમહાલ જિલ્લામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ



**ભારે** પવનથી સ્પોર્ટસ કોમ્પલેક્ષ પાસે લીમડાનુ વૃક્ષ ધરાશાયી થયું

(પ્રતિનિધિ) ગોધરા, તા.7 હવામાન વિભાગની આગાહી વચ્ચે પંચમહાલ જિલ્લાના ગોધરા સહિતના અનેક વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન સાથે ધોધમાર કમોસમી વરસાદ ખાબક્યો હતો. 40 થી 41 ડિગ્રી જેટલા કાળઝાળ ઉનાળાના તાપમાન વચ્ચે અચાનક ત્રાટકેલા આ વાવાઝોડા અને વરસાદના કારણે



અનેક મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે અને ખેડૂતોના તૈયાર પાકનો સોથ વળી જતાં તેમને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી પરંતુ અચાનક આવેલા આ વરસાદથી સમગ્ર જનજીવન પ્રભાવિત થયું છે.આ કમોસમી વાવાઝોડાએ ગોધરા શહેરમાં પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. ગોધરાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આવેલા સ્વિમિંગ પુલની પાછળના ભાગે એક તોતિંગ લીમડાનું વૃક્ષ ધરાશાયી થયું હતું. વૃક્ષ પડવાના કારણે પાછળની કોતર સાઈડની આખી દીવાલ તૂટી પડતા માળખાગત મોટું નુકસાન નોંધાયું છે.

## ફતેપુરામાં ભર ઉનાળે મેઘરાજાની આશ્ચર્યજનક એન્ટ્રી : અસહ્ય ગરમી વચ્ચે ઠંડકની લહેર



**સુખસર :** એક તરફ જ્યારે ફતેપુરા પંથકની પ્રજા કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટનો સામનો કરી રહી છે.ત્યારે આજરોજ બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતા મેઘરાજાએ ધૂમધડાકા સાથે પધરામણી કરી હતી. ભર ઉનાળે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાતા અને ત્યારબાદ પડેલા વરસાદી ઝાપટાએ સમગ્ર પંથકનું વાતાવરણ રળિયામણું બનાવી દીધું હતું. કાળઝાળ ગરમી ના કારણે છેલ્લા ઘણા દિવસોથી સૂર્યદેવના આકરા તાપને કારણે જનજીવન પ્રભાવિત થઈ રહ્યું હતું. ત્યારે બપોરના સમયે તાપમાનનો પારો ઊંચો હોવાથી રસ્તાઓ પણ સૂમસામ ભાસતા હતા.જોકે સાંજ થતા પહેલા જ વાતાવરણમાં આવેલા પલટાએ લોકોને મોટી રાહત આપી છે. વરસાદની સાથે ફૂંકાયેલા શીતળ પવનોએ વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરાવી દીધી હતી.

**કાલોલ પોલીસની સરાહનીય કામગીરી**

# ગોધરા ટાઉન પો.સ્ટે.ના રાયોટીંગના ગુન્હાના વોન્ટેડ આરોપીને બસ સ્ટેશનથી ઝડપ્યો

**આરોપીને** ઝડપી લઇ ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે



(પ્રતિનિધિ) કાલોલ, તા.7 આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે અન્વયે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત કચેરી દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે રાજ્યભરમાં મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હોય,જે અન્વયે જીલ્લા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ જે આધારે નવિન આહિર નાયબ પોલીસ અધિક્ષક કાલોલ વિભાગ કાલોલના ઓએ વધુમાં વધુ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા જરૂરી સુચના આપેલ જે આધારે કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ડી. ભરવાડ નાઓએ આગામી ચુંટણી અન્વયે અસરકારક વ્યુહાત્મક રણનીતિ બનાવીને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ સ્ટાફને જરૂરી સુચના આપેલ જે અન્વયે કાલોલ પોલીસે બાતમી આધારે ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશનના વિવિધ કલમો હેઠળના ગુનાનાં કામનો નાસતો-ફરતો આરોપી ફહાદ ફિરોજ કોફીવાલા ઉર્ફે ભીમો રહે.ગોધરાનાને કાલોલ બસ સ્ટેશન ખાતે થી પકડી પાડી આગળની કાર્યવાહી માટે ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે.

# હાલોલ કલરવ શાળામાં 33માં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ) હાલોલ, તા.7 જ્યારે સંધ્યાકાળના રતુંબડા આકાશમાં સૂર્યદેવ પોતાની રશ્મીઓ સંકેલી રહ્યા હતા ત્યારે કલરવ ના વાર્ષિક ઉત્સવનો દબદબાભેર સુપ્રભાત થઈ રહ્યું હતું.કલરવ શાળામાં 33 માં વાર્ષિકોત્સવની ઉજવણી પૂનમ પાર્ટી પ્લોટના પ્રાંગણમાં કરવામાં આવી વાર્ષિકોત્સવની ઉજવણી શાળાના આચાર્ય ડૉ .કલ્પનાબેન જોશીપુરા અને શાળાના ટ્રસ્ટી હાર્દિકભાઈ જોશીપુરાના માર્ગદર્શન હેઠળ ખૂબ જ ખંત થી શાળાના શિક્ષકગણ અને પ્રતિનિધિત્વ વિદ્યાર્થીઓ દ્વારા દબદબાભેર કરવામાં આવ્યો હતો.પુસ્તક એ અંધકારમાં ભટકેલા માનવી માટે શબ્દોની મશાલ છે, પુસ્તક ના પાનાઓમાં ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યના સપનાઓની અત્તર જેવી સુવાસ હોય છે.Book my treasure,મેરી કિતાબ મેરા ખજાના શીર્ષક હેઠળ વાર્ષિકોત્સવ કાર્યક્રમનો શુભારંભ પ્રભુ પ્રાર્થના, સ્વાગત ગીત અને સ્વાગત પ્રવચનથી કરવામાં આવ્યુ હતુ.

**ફતેપુરાના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરાયું**

# ફતેપુરા તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ શાંતિપૂર્ણ યોજાય તે માટે પોલીસ એક્શનમાં



(પ્રતિનિધિ) સુખસર, તા.7 ફતેપુરા તાલુકામાં આગામી તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ શાંતિપૂર્ણ અને ભય મુક્ત વાતાવરણમાં યોજાય તે સુનિશ્ચિત કરવા માટે ફતેપુરા પોલીસ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ચૂંટણી કામગીરીને અનુલક્ષીને ફતેપુરાના વિવિધ સંવેદનશીલ વિસ્તારો અને મુખ્ય બજારોમાં પોલીસ કાફલા દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.આ ફૂડ પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવાનો તેમજ અસામાજિક તત્વો પર કડક કાર્યવાહી કરવાનો છે.પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનોએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ભ્રમણ કરી સ્થાનિકો સાથે સંવાદ સાધ્યો હતો.

આ સંવાદનો હેતુ નાગરિકો કોઈપણ ડર વગર લોકશાહીના આ પર્વમાં ભાગ લઈ શકે તેવો છે. પોલીસના આ સઘન પેટ્રોલિંગથી સામાન્ય જનતામાં સુરક્ષાનો ભાવ પ્રબળ બને તેવો હેતુ છે.પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ વ્યક્તિઓ અને હિલચાલ ઉપર પોલીસ દ્વારા સતર્કતા રાખવામાં આવી રહી છે.ચૂંટણીમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન થાય તે માટે વાહન ચેકિંગ અને અન્ય નિરોધક પગલાં પણ લેવાઈ રહ્યા છે.પોલીસ પ્રશાસને જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.સમગ્ર તાલુકામાં શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ રાત-દિવસ કાર્યરત રહેશે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થાય તેની પૂરી તકેદારી રાખવામાં આવશે.

## હાલોલ રૂરલ પોલીસ મથકે પંચમહાલ જિલ્લા પોલીસ વડા ડો. હરેશ દુધાતની અધ્યક્ષતામાં પ્રજાલક્ષી લોક દરબાર યોજાયો




**હાલોલ :** પંચમહાલ જિલ્લા ના હાલોલ ખાતે તાલુકા અને જિલ્લા પંચાયતની આવનાર ચૂંટણીઓ અને વ્યાજખોરિ પ્રવૃત્તિઓને નેસ નાબૂદ કરવા તથા આવનારી ચૂંટણીઓમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવા હેતુથી પંચમહાલ જિલ્લાના એસપી ડોક્ટર હરેશ દુધાતની અધ્યક્ષતામાં વિશેષ લોક દરબાર બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું . આ લોક દરબારમાં હાલોલ તાલુકાના અગ્રણીઓ તથા સરપંચો અને અન્ય આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા . લોક દરબારમાં જિલ્લા પોલીસવાળાએ વ્યાજખોરિના ધંધામાં સામેલ તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી આપી હતી અને વ્યાજખોરો ના ત્રાસથી પીડાતા સામાન્ય નાગરિકોએ નિર્ભય બની પોલીસનો સંપર્ક કરવો ગેરકાયદેસર વ્યાજ વસૂલતા ઈસમો સામે કાયદેસર પગલા ભરી કડક હાથે તપાસ કરવામાં આવશે તથા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ શાંતિપૂર્ણ મોલમાં સંપન્ન થાય તે માટે મહત્વના નિર્દેશો આપ્યા હતા.

**પોલીસે અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધ્યો**

# કાલોલ સિનેમા સીટીની બાજુમાં ઓફિસની બહાર લગાવેલા 2 કોમ્પ્રેસરની ચોરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.7 કાલોલ પોલીસ સ્ટેશનમાં વિશાલ ફુલારામ મારવાડી દ્વારા નોંધાવેલી ફરિયાદ ની વિગત જોતા કાલોલ સિનેમા સીટી ની બાજુમાં તેઓની બે ઓફિસ છે જેમાં એક ઓફિસમાં પોતે ફાઈનાન્સ નુ કામ કરે છે જ્યારે બીજી ઓફિસ કૌશિકકુમાર શૈલેષભાઈ સોલંકીને ભાડે આપેલ છે. તેઓએ પોતાની બન્ને ઓફિસમાં લોયડ કંપનીના બે એસી લગાવ્યા હતા. ગત ૩૧/૦૩ ના રોજ તેઓ પોતાની ઓફિસ બંધ કરીને ઘરે ગયા હતા અને બીજે દિવસે ઓફિસમાં આવી એસી ચાલુ કરતા એસી ચાલુ થયેલ ન હતો જેથી તેઓ એ તપાસ કરતા ઓફિસની પાછળ લગાવેલ એસીનું કોમ્પ્રેસર જોવા મળ્યું ન હતું. તેઓના ભાડુઆત કૌશિકભાઈ સોલંકીની ઓફિસ પાછળ લગાવેલ કોમ્પ્રેસર જોવા મળ્યું ન હતું. બંને કોમ્પ્રેસરની શોધખોળ કરવા છતાં પણ કોમ્પ્રેસર મળી આવ્યા ન હતા. જે બાદ તેઓએ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રૂ ૬૦,૦૦૦ની કિંમતમાં કોમ્પ્રેસરની ચોરી બાબતે અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

આમ ધોળા દિવસે કોમ્પ્રેસરની ચોરી થતાં આસપાસના રહીશોને પોતાના જાનમાલની ચિંતા વ્યાપી છે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓનો ધમધમાટ**

# દાહોદ નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક પ્રસિદ્ધિ મુજબ કુલ 66,777 મતદારો

કુલ બેઠકોની સંખ્યા 36 જયારે પોલિંગ સ્ટાફની કુલ સંખ્યા 392

(પ્રતિનિધિ) દાહોદ, તા.7 ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે દાહોદ જિલ્લામાં નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬ મી એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮મી એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાશે. આ અન્વયે દાહોદ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તથા નગરપાલિકાની ચૂંટણી માટેની આંકડાકીય માહિતી અને મતદાર યાદીની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં દાહોદ નગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ હેઠળ ચૂંટણી યોજાશે. જેમાં કુલ ૯ વોર્ડ માટે ચૂંટણી યોજાવાની છે. કુલ ૫૬ મતદાન મથકો ખાતે મતદાન યોજાશે. દાહોદ નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક પ્રસિદ્ધિ મુજબ કુલ ૬૬, ૭૭૭ મતદારો નોંધાયેલા છે. જેમાં ૩૩૮૦૫ પુરુષ અને ૩૨, ૯૭૨ સ્ત્રી છે. કુલ બેઠકોની સંખ્યા ૩૬, પોલિંગ સ્ટાફની કુલ સંખ્યા ૩૯૨ છે.

આમ આગામી 26મી એપ્રિલના રોજ ચૂટણી યોજાશે અને તેની મત ગણતરી ૨૮ મી એપ્રિલના રોજ થશે જેમાં તમામ ઉમેદવારો પોતાની જીત માટે એડીચોટીનુ જોર લગાવશે તેમજ મળતીયાઓમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**સંજેલી સર્વે નં. 6ની સરકારી ખરાબાની 8 ગુંઠા જગ્યામાં 3 ગુંઠા જગ્યા ઓછી, તપાસની માંગ સાથે SDMને રજૂઆત**

# સંજેલીમાં સરકારી બાબુઓની મિલી ભગતથી રાતોરાત નાળુ બન્યું: તારની ફેન્સીંગ વાડ ગાયબ



(પ્રતિનિધિ) દાહોદ, તા.7 ખાતા નંબર 230 સર્વે નંબર 6 વાળી જગ્યામાં જૂની નકલમાં 8 ગુંમઠા, નવી નકલમાં 5 ગુમઠા:3 ગુમઠા જગ્યા ક્યાં સરકી ગઈ. સંજેલી પંચાયતે વિવાદ વાળી સરવે નંબર 6 ની જગ્યામાં બાંધકામની મંજૂરી નથી આપી હોવાનો અહેવાલ આપ્યો તો તંત્રએ બાંધકામ કેમ ન અટકાવ્યું? પંચાયતનો સભ્ય જ ગેરકાયદેસર નાળુ બનાવતા તસવીરમાં નજરે પડે છે? ભુ માફિયા અને વહીવટી તંત્રનું સેટિંગનો પરદાફાંસ થશે કે પછી ભીનું શકેલી લેવાશે? સરકારી જગ્યામાં માથાભારે યુવકે રાતોરાત બાંધકામ પૂર્ણ કરી ફેન્સીંગ વાડ ઉખાડીને ફેંકી દેવાઈ હોવાની રજુવાત થઇ છતાં તંત્રને કોઈ જ ટેન્શન નથી? 8 ગુંમઠા જગ્યામાં 3 ગુમઠા જગ્યા ક્યા સરકી ગઈ નવી અને જૂની નકલમાં 3 ગુમઠા જગ્યા ઓછીનો તફાવત કેવી રીતે સરકારી જગ્યા કોને આપી ખેલ પડ્યો. સંજેલી સ્થાનિક સરકારી બાબુઓની મીલી ભગત ના કારણે ભૂમાફિયાઓને ઘી કેળા જેવો માહોલ જોવા મળ્યો. સ્થાનિક તંત્રને અનેકવાર રજૂઆત કરવા છતાં કાર્યવાહી કરવા આના કાંની કરતા જાગૃત નાગરિકે પ્રાંત અધિકારીનો દ્વાર ખખડાવ્યા. સંજેલીમાં આવેલા ખાતા નંબર 230 સર્વે નંબર છ વાળી સરકારી ખરાબાની જમીનમાં ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીની નિષ્કાળજીના કારણે ગેરરીતિ હોવાના આક્ષેપ સાથે પ્રાંત અધિકારીને લેખિત જાણ કરી યુદ્ધના ધોરણે તપાસની માંગ કરવામાં આવી. સંજેલીના સ્થાનિક સરકારી બાબુઓ દ્વારા જાગૃત નાગરિકને ગોળ ગોળ પટ્ટી ભણાવી વહીવટી તંત્રએ સરકારી ખરાબાની જગ્યાનું દબાણ દૂર કરવા તંત્ર નિષ્ફળ પંચાયત તંત્ર મામલતદાર લેખિત જાણ કરીને હાથ અદ્દર કર્યા. સંજેલીમાં ગેરકાયદેસર નાળુ બનાવતા સ્થાનિક વહીવટી તંત્રને રજૂઆત કરવા છતાં તંત્ર મૌન જાગૃત નાગરિકે ઝાલોદ પ્રાંત અધિકારી ને લેખિત રજૂઆત કરી તાત્કાલિક યુધના ધોરણે તપાસ કરી કાર્યવાહીની માંગ કરવામાં આવી.

## દાહોદ રેલવે સ્ટેશને મેમુ ટ્રેન નીચે આવી જતા એકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.7 મુસાફરોએ ટ્રેનમાં યાત્રા કરતા સમયે ઘણું ધ્યાન રાખવું પડે છે જરાક ચૂક થાય તો જીવનું જોખમ પણ ઊભું થઈ શકે તેમ જીવ પણ જઈ શકે છે આવો જ એક બનાવ દાહોદના રેલ્વે સ્ટેશને બન્યો છે તેમાં રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક ઉપરથી શરૂ થયેલી ઉજ્જૈન મેમુ ટ્રેનમાં એક મુસાફર દોડતો જઈને રોંગ સાઈડથી ટ્રેનમાં ચડવા જતા તેને બેલન્સ બગાડતા નીચે પટકાયો હતો અને ટ્રેન નીચે આવી જતા મુસાફરનું કમ કમાટી ભર્યું મોત નીપજ્યુ છે આ ઘટના બનતા રેલ્વે સ્ટેશને ઉપસ્થિત લોકો દોડી આવ્યા હતા અને રેલ્વે પોલીસ એ ઘટના સંદર્ભે કાર્યવાહી કરી આ મુસાફર ક્યાંનો છે અને તેના પરિવારની શોધખોળ હાથ ધરી છે.

# દેવગઢબારીયાના મેઘામુવાડી ગામનાં જંગલમાં પોલીસ ત્રાટકી, રૂ.4 લાખનો દારૂ ઝડપ્યો

**પોલીસને** ગુપ્ત રાહે બાતમી મળી હતી જે આધારે દરોડો પાડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.7 દેવગઢ બારીયા પોલીસની ટીમ ગઈકાલે સાંજના સમયે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પંચમહાલ જિલ્લાના ગોઢરા તાલુકાના દહીકોટ ગામના મહેંદી ચોર રાખવાના મુકરરખિયાંમણમાં ચંદુભાઈ પટેલ, શૈલેખભાઈ હિંમતભાઈ પટેલ તથા દેવગઢબારિયા તાલુકાના ભુવાલ ગામના પ્રકાશભાઈ પર્વતભાઈ પટેલ એમ ત્રણોય જણાય વિદેશી દારૂનો વેપલો કરવા બહારથી દારૂનો જંગી જથ્થો મંગાવી મેઘામ મુવાડી ગામના જંગલમાં એક જગ્યાએ તાડપત્રીમાં સંતાડી રાખવાની ગુમ બાતમી તેઓના બાતમીદાર દ્વારા મળી હતી.

જે બાતમીને આધારે દેવગઢબારિયા પોલીસ તાબડતોબ બાતમીમાં દર્શાવેલ જગ્યાએ પહોંચી ગઈ હતી અને તાડપત્રીમાં સંતાડી અલગ અલગ બ્રાન્ડના ભારતીય બનાવટના વિદેશી દારૂની 39 જેટલી પેટીઓ જપ્ત કરી એક વ્યક્તિની અટકાયત કરી હતી. રૂપિયા ૬,૪૧,૨૯૨/- ની કુલ કિંમતની પેટીઓ નંગ-૩૫ પકડી પાડી સ્થળ પર હાજર પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના દહીઠોટ ગામના મુકેશભાઈ ચંદુભાઈ પટેલની અટકાયત કરી હતી અને મુકેશભાઈ પટેલ પાસેથી રૂપિયા ૧૦,૦૦૦/- ની કિંમતનો મોબાઈલ ફોન પકડી પાડી કુલ રૂપિયા ૬,૪૧,૨૯૨/- ના મુદામાલ કબજે લીધો હતો.

આ સંદર્ભે દેવગઢ બારીયા પોલીસે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના દહીઠોટ ગામના મહેંદી ખેડા ફળિયાના મુકેશભાઈ ચંદુભાઈ પટેલ, દેવગઢ બારીયા તાલુકાના ભુવાલ ગામના પ્રકાશભાઈ પર્વતભાઈ પટેલ તથા પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના દહીઠોટ ગામના શૈલેષભાઈ હિંમતભાઈ પટેલ વિરુદ્ધ પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.